# ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ – 380 014

## યુજીસી ફેલોશીપ/ સ્કોલરશીપ અંગે સંક્ષિપ્તમાં માહિતી*

* અહીં રજૂ કરાયેલી વિગતો જેમાંથી સારવામાં આવી છે તે મૂળ દસ્તાવેજ યુ.જી.સી.ની વેબસાઈટમાં e-SARTS પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે. તેમાં દર્શાવેલી જોગવાઈઓને અંતિમ ગણવામાં આવશે.

**સામાન્ય માહિતીઃ**

યુજીસી દ્વારા મંજૂર કરવામાં આવતી વિવિધ ફેલોશીપ / સ્કોલરશીપ માટે યુજીસીની e-SARTS પોર્ટલ ઉપર વિગતવાર માહિતી મળશે. આ માટે ઓનલાઇન અરજી કરવાની હોય છે. દરેક યોજનામાં બેંક ખાતા નંબર હોવાનું તથા આધાર સાથે લિંક કરવાનું આવશ્યક છે. ફેલો
શીપ તથા શિષ્યવૃત્તિ અંગે યુજીસી દ્વારા દર વર્ષે પ્રમુખ વર્તમાનપત્રોમાં તથા એમ્પ્લોયમેન્ટ ન્યુઝમાં જાહેરાત આપવામાં આવે છે. વિવિધ શિષ્યવૃત્તિ / ફેલોશીપની માહિતી નીચે મુજબ છે.

1. **JUNIOR RESEARCH FELLOWSHIP IN SCIENCES, HUMANITIES AND SOCIAL SCIENCES.**

   યુજીસી દ્વારા લેવામાં આવતી National Eligibility Test-Junior Research Fellowship (NET-JRF) અને UGC- Council of Scientific and Industrial Research દ્વારા લેવાતી સંયુક્ત પરીક્ષા (UGC-CSIR) માં સફળ થાય અને એમ.ફીલ/પીએચ.ડી.માં પ્રવેશ મેળવે તો તેઓ ફેલોશીપને પાત્ર થાય છે. અત્રે એ સ્પષ્ટતા જરૂરી છે કે માત્ર જેઆરએફ પાસ કરવાને કારણે ફેલોશીપ મેળવવા હક્કદાર બનતા નથી. આ યોજના હેઠળ હ્યુમેનિટીઝ, સોશિઅલ સાયન્સિઝ, (લેંગ્વેજીસ સહિત) તથા વિજ્ઞાનના વિષયમાં એમ.ફીલ. પીએચ.ડી. માટે ફેલોશીપ ચુકવવામાં આવે છે.

**અ. શરતોઃ-**

1) (NET-JRF) અથવા (UGC-CSIR) માં સફળ થાય (પરિણામ જાહેર થાય તે તારીખ અથવા એવોર્ડ લેટર ઇસ્યુ કરવામાં આવે તે તારીખ) પછી વધુમાં વધુ છ માસમાં એમ.ફીલ/પીએચ.ડી.માં પ્રવેશ મેળવી લેવાનો રહેશે. જેઆરએફ થયેલ ઉમેદવાર માટે વધુમાં વધુ બે વર્ષમાં પીએચ.ડી. માટે

નોંધણી કરાવવી આવશ્યક છે. અભ્યાસમાં જોડાયા પછી ઉમેદવાર બે વર્ષમાં પીએચ.ડી. માટે નોંધણી ન કરાવે અને મોડી કરાવે તો તેટલા સમય માટે ફેલોશીપ મળશે નહિ.

2) વિદ્યાર્થીએ યુજીસી એક્ટની કલમ 2(એફ) અને 12 (બી) માન્યતાપ્રાપ્ત યુનિવર્સિટી/સંસ્થા/ઇન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સમાં અથવા યુજીસી એક્ટની કલમ 3 અંતર્ગત માન્યતાપ્રાપ્ત ડિમ્ડ ટુ બી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલો હોવો જોઇએ તથા યુનિવર્સિટી/ સંસ્થા/ઇન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સને ભારત સરકાર/રાજ્ય સરકાર તરફથી અનુદાન મળતું હોવું જોઇએ.

3) પ્રારંભમાં ફેલોશીપ બે વર્ષની મુદત માટે મંજૂર કરવામાં આવશે. બે વર્ષની મુદતના અંતે નિષ્ણાત દ્વારા તેમના સંશોધનકાર્યનું મૂલ્યાંકન કરવામાં આવશે અને જો તેમનુ કાર્ય સંતોષકારક હશે તો તેમની સિનીયર રિસર્ચ ફેલો (એસઆરએફ)ના કાર્ય માટે ત્રણ વર્ષની મુદત લંબાવવામાં આવશે અને જો તેમનુ સંશોધનકાર્ય સંતોષજનક ન જણાય તો જેઆરએફ તરીકે વધુ એક વર્ષ મુદત લંબાવવામાં આવશે. પરંતુ તેમને એસઆરએફ તરીકે બે વર્ષનો લાભ મળવાપાત્ર થશે. આમ, ફેલોશીપ વધુમાં વધુ પાંચ વર્ષની મુદત માટે મંજૂર કરવામાં આવશે.

4) જો ઉમેદવારે એમ.ફીલ./પીએચ.ડી.માં પહેલેથી જ પ્રવેશ મેળવી લીધો હોય તો (NET-JRF) અથવા (UGC-CSIR)નું પરિણામ જાહેર થાય પછી ફેલોશીપ મળવાપાત્ર થશે. અને જો પ્રવેશ ન મેળવ્યો હોય અને પરિણામ આવી ગયું હોય તો પ્રવેશ મેળવે ત્યારપછી ફેલોશીપ મળવાપાત્ર થશે.

5) ફેલો દ્વારા નિયત પત્રકમાં જોઇનીંગ રિપોર્ટ મોકલ્યા પછી યુજીસી દ્વારા ગ્રાન્ટ મંજૂર ચુકવવામાં આવશે. ફેલોએ દર ત્રણ માસે સંશોધનકાર્ય ચાલુ છે તે મતલબનું નિયતપત્રકમાં પ્રમાણપત્ર આપવાનું રહેશે

6) ફેલોશીપના સમયગાળા દરમ્યાન ફેલો સવેતન કામ સ્વીકારી શકશે નહિ. જો કે ફેલો ફેલોશીપ સિવાયની એક વર્ષની શૈક્ષણિક રજા ઉપર હોય તે દરમ્યાન સવેતન કામ સ્વીકારી શકશે.

7) ફેલો તેમના માર્ગદર્શક/ વિભાગીય અધ્યક્ષની સંમતિથી, તેમના સંશોધનકાર્યને બાધ ન આવે તે રીતે યુનિવર્સિટી/ સંસ્થાના શૈક્ષણિકકાર્યમાં

મદદ કરી શકશે. આવી પ્રવૃત્તિ અઠવાડીઆમાં દશ કલાકથી વધવી જોઇએ નહિ.

બ. ફેલોશીપની રકમ

| | |
|---|---|
| ફેલોશીપ | માસિક રૂ.25,000/- પ્રમાણે બે વર્ષ માટે (JRF)<br>માસિક રૂ.28,000/- બાકીના સમય માટે (SRF) |
| કન્ટીન્જન્સી – હ્યુમેનિટિઝ અને સોશિઅલ સાયન્સ | રૂ.10,000/- વાર્ષિક પ્રથમ બે વર્ષ<br>રૂ.20,500/- વાર્ષિક બાકીના સમય માટે |
| કન્ટીન્જન્સી- સાયન્સ | રૂ.12,000/- વાર્ષિક પ્રથમ બે વર્ષ<br>રૂ.25,000/- વાર્ષિક બાકીના સમય માટે |
| એસ્કોર્ટ/ રીડર આસિસ્ટન્સ | રૂ.2,000/- પ્રતિ માસ જો ફેલો શારીરિક અપંગ/ પ્રજ્ઞાચક્ષુ હોય તો. |

ક. એચ.આર.એ. તથા અન્ય લાભ

a) જો સંબંધિત યુનિવર્સિટી દ્વારા ફેલોને અનુરૂપ સિંગલ સીટેડ હોસ્ટેલ એકોમોડેશન પુરું પાડવામાં આવ્યું હોય તો ફેલોને જમવાના, પાણીના અને વીજળીના ખર્ચ સિવાયની રકમ એચ.આર.એ. તરીકે ચુકવવામાં આવશે. જો ફેલો અન્ય છાત્ર સાથે હોસ્ટેલમાં રહેતા હોય તો એચઆરએ મળવાપાત્ર થશે નહિ.

b) જો હોસ્ટેલની સુવિધા પૂરી પાડવામાં ન આવી હોય અને ફેલોએ યુનિવર્સિટીએ સિંગલ સીટેડ મકાન ભાડે અપાવ્યું હોય તો ખરેખર ચુકવવામાં આવેલું ભાડું અથવા ભારત સરકારના ધોરણો અનુસાર એચ.આર.એ. બેમાંથી જે ઓછું હશે તે ચુકવવામાં આવશે.

c) ફેલોએ નિવાસ માટે પોતાની રીતે વ્યવસ્થા ગોઠવી હોય તો ભારત સરકારના ધોરણો અનુસાર મળવાપાત્ર એચ.આર.એ.ચુકવવામાં આવશે.

d) ફેલોને મેડિકલ ભથ્થું ચુકવવામાં આવશે નહિ પરંતુ યુનિવર્સિટીમાં અન્ય સેવકો, વિદ્યાર્થીઓ માટે આરોગ્ય કેન્દ્રની જે સુવિધા છે તેનો લાભ લઇ શકશે.

e) રજાઓ

I. જાહેર રજાઓ ઉપરાંત ફેલોને વર્ષ દરમ્યાન 30 રજાઓ મળવાપાત્ર થશે. આ સિવાય કોઇપણ પ્રકારના વેકેશનનો લાભ મળવાપાત્ર થશે નહિ.
II. ફેલોશીપની સમગ્ર મુદત દરમ્યાન, ફેલોને ભારત સરકારના નિયમો અનુસાર મેટરનીટી લીવ/પેટરનીટી લીવનો લાભ મળી શકશે. તે સમયે ફેલોને પૂરેપૂરી ફેલોશીપ ચુકવવામાં આવશે.
III. મહિલા ફેલોને સમયાંતરે રજાઓ જોઇતી હોય તો વધુમાં વધુ ત્રણ વખત, ફેલોશીપના સમયગાળામાં એક વર્ષના સમય માટે રજાઓ મળી શકશે આવી રજા ફેલોશીપના સમયગાળામાં ગણાશે નહિ.
IV. ફેલોશીપના સમગ્ર સમયગાળા દરમ્યાન એકેડેમિક એસાઇન્મેન્ટ, શૈક્ષણિક કાર્ય, કે સંશોધનના હેતુ માટે પરદેશ જવાના હેતુથી વધુમાં વધુ એકવર્ષના સમયમાટે ફેલોશીપ સિવાયની રજાઓ મંજૂર કરી શકાશે. આવી રજાઓ ફેલોશીપના સમયગાળામાં ગણાશે. પરદેશ જવા માટે યુજીસી તરફથી કોઇ સહાય મળશે નહિ.

**2. ડૉ. એસ. રાધાક્રિશ્નન પોસ્ટ ડોક્ટરલ ફેલોશીપ ઇન હ્યુમેનિટીઝ એન્ડ સોશીઅલ સાયન્સિઝ (ભાષાઓ સહિત)**

યુવા સંશોધકો કે જેઓને પીએચ.ડી.નો અભ્યાસ પૂરો કર્યા પછી તેમની યોગ્યતા અનુસાર કામ ન મળ્યું હોય તેમને સંશોધનકાર્યમાં પ્રોત્સાહન મળે તે હેતુથી પીએચ.ડી. પછીના સંશોધન કાર્ય માટે ફેલોશીપ મંજૂર કરવામાં આવે છે.

અ. સામાન્ય શરતો

1) ઉમેદવાર બેરોજગાર હોવો જોઇએ.
2) ઓનલાઇન અરજી કરવાની તારીખે ઉમેદવારની વય 35 વર્ષથી વધુ ન હોવી જોઇએ. (SC/ST/OBC/Women/PWD માટે 5 (પાંચ) વર્ષની છૂટછાટ રહેશે)
3) ફેલોશીપ માટે સામાન્ય કેટેગરીના ઉમેદવાર સ્નાતક કક્ષાએ 55 ટકા ગુણ અને અનુસ્નાતક કક્ષાએ 60 ટકા ગુણ હોવા જરૂરી. SC/ST/OBC/PWD કક્ષાના ઉમેદવારો માટે સ્નાતક કક્ષાએ 50 ટકા ગુણ અને અનુસ્નાતક કક્ષાએ 55 ટકા ગુણ હોવા જોઇએ.
4) ફેલોશીપની મુદત 3 (ત્રણ વર્ષની રહેશે.) જે લંબાવી શકાશે નહિ.
5) ફેલોશીપ મંજૂર થયાના ત્રણ માસમાં ફેલોએ યુનિવર્સિટીમાં ફેલો તરીકે જોડાવવાનું રહેશે.

6) ફેલોશીપના બે વર્ષ બાદ ડિપાર્ટમેન્ટલ રિસર્ચ કમિટી દ્વારા ફેલોની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવશે અને જો ફેલોની પ્રગતિ સંતોષકારક નહિ હોય તો ફેલોશીપ રદ કરવામાં આવશે. આ માટે યુજીસીનો નિર્ણય આખરી ગણાશે.

7) ફેલોશીપ મળતી હોય તે સમયગાળા દરમ્યાન ફેલો અન્ય કોઇપણ જગ્યાએથી ફેલોશીપ/ વેતન/ સ્ટાઇપેન્ડ વગેરે મેળવી શકશે નહિ. (ફેલોશીપના લાભ સિવાય એક વર્ષની મુદત માટે લીધેલી એકેડેમિક રજા દરમ્યાન ફેલો અન્ય કોઇપણ જગ્યાએથી ફેલોશીપ/ વેતન/ સ્ટાઇપેન્ડ વગેરે મેળવે તેમાં વાંધો નથી.

   ફેલો અન્ય જગ્યાએથી ફેલોશીપ/ પેઇડ એસાઇન્મેન્ટ/ પરીક્ષા માટે અરજી કરવા ઇચ્છતા હોય તો તે માટે યુજીસીનું એનઓ.સી. લેવાની જરૂર નથી. જો ફેલોની અન્ય કોઇ જગ્યાએ પસંદગી થાય તો તે ફેલો તરીકે રાજીનામું આપવાનું રહેશે.

8) ફેલોએ ફેલોશીપની મુદત પૂરી થયે ફીડબેક ફોર્મમાં સંશોધન કાર્યના અહેવાલ સાથે ઓછામાં ઓછા 4 (ચાર) રિસર્ચ પેપર્સ (બે રાષ્ટ્રીય કક્ષાના અને બે આંતરરાષ્ટ્રીય કક્ષાના) સામેલ કરવાના રહેશે. તે પૈકી બે રાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રકાશનો ડિપાર્ટમેન્ટલ રિસર્ચ કમિટી દ્વારા ફેલોની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં ત્યારે અને બે રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રકાશનો ફેલોશીપની મુદત પૂરી થાય ત્યારે મોકલવાના રહેશે.

9) ફેલોશીપની સમગ્ર મુદત દરમ્યાન ફેલો ઇચ્છે તો એક વખત સંશોધન સંસ્થા ટ્રાન્સફર કરી શકશે.

બ. ફેલોશીપ તથા અન્ય લાભ

1) ફેલોશીપની રકમ – પ્રથમ વર્ષે - રૂ.38,800 (પ્રતિ માસ)
   બીજા વર્ષે - રૂ.40,300 (પ્રતિ માસ)
   ત્રીજા વર્ષે - રૂ.41,900 (પ્રતિ માસ)

2) કન્ટીન્જન્સી રૂ. 50,000 વાર્ષિક, ત્રણ વર્ષ માટે

   નોંધઃ- કન્ટીન્જન્સી ગ્રાન્ટમાંથી ફેલોએ ખરીદેલા પુસ્તકો, જર્નલ્સ, સાધનો વગેરે ફેલોશીપની મુદત પુરી થાય પછી સંબંધિત સંસ્થામાં જમા કરાવવાના રહેશે. તે સંસ્થાની મિલ્કત ગણાશે.

3) એસ્કોર્ટ્સ/ રીડર આસીસ્ટન્સ – રૂ.2,000/- પ્રતિ માસ જો ઉમેદવાર અપંગ/ પ્રજ્ઞાચક્ષુ હોય તો

4) એચ.આર.એ.

a) જો સંબંધિત યુનિવર્સિટી દ્વારા ફેલોને અનુરૂપ સિંગલ સીટેડ હોસ્ટેલ એકોમોડેશન પુરું પાડવામાં આવ્યું હોય તો ફેલોને જમવાના, પાણીના અને વીજળીના ખર્ચ સિવાયની રકમ એચ.આર.એ. તરીકે ચુકવવામાં આવશે.

b) જો હોસ્ટેલની સુવિધા પૂરી પાડવામાં ન આવી હોય અને ફેલોને સંસ્થા દ્વારા સીંગલ સીટેડ મકાન ભાડે રાખીને આપવામાં આવ્યું હોય તો ખરેખર ચુકવેલ મકાન ભાડું અને ભારત સરકારના ધોરણો અનુસાર મળવાપાત્ર એચ.આર.એ. બેમાંથી જે ઓછું હશે તે ચુકવવામાં આવશે.

c) ફેલોએ નિવાસ માટે પોતાનીરીતે વ્યવસ્થા ગોઠવી હોય તો ભારત સરકારના ધોરણો અનુસાર મળવાપાત્ર એચ.આર.એ.ચુકવવામાં આવશે.

5) ફેલોને મેડિકલ ભથ્થું ચુકવવામાં આવશે નહિ પરંતુ યુનિવર્સિટીમાં અન્ય સેવકો, વિદ્યાર્થીઓ માટે આરોગ્ય કેન્દ્રની જે સુવિધા છે તેનો લાભ લઇ શકશે.

6) રજાઓ

a) જાહેર રજાઓ ઉપરાંત ફેલોને વર્ષ દરમ્યાન 30 રજાઓ મળવાપાત્ર થશે. આ સિવાય કોઇપણ પ્રકારના વેકેશનનો લાભ મળવાપાત્ર થશે નહિ.

b) ફેલોશીપની સમગ્ર મુદત દરમ્યાન, એક વખત ભારત સરકારના ધોરણો અનુસાર મેટરનીટી લીવ/ પેટરનીટી લીવનો લાભ મળી શકશે.

c) ફેલોશીપ મેળવ્યા સિવાય વધુમાં વધુ એક વર્ષની મુદત માટે એકેડેમિક લીવ મળી શકશે.

**3. અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે રાજીવ ગાંધી નેશનલ ફેલોશીપ**

**અ. સામાન્ય જોગવાઇ**

1) એસસી ઉમેદવાર કે જેમણે સંબંધિત વિષયમાં અનુસ્નાતકની પરીક્ષા પાસ કરી હોય અને JRF of UGC NET OR UGC-CSIR NET પાસ કર્યા સિવાય પૂરા સમયના નિયમિત સંશોધનાત્મક અભ્યાસક્રમમાં જોડાવવા ઇચ્છતા હોય તે અરજી કરી શકશે. વિજ્ઞાન, હ્યુમેનિટીઝ, સોશીઅલ સાયન્સ, એન્જીનિયરિંગ અને ટેકનોલોજી વિષયમાં એમ.ફીલ/ પીએચ.ડીના અભ્યાસક્રમ માટે ફેલોશીપ મળી શકશે.

2) યુજીસી દ્વારા ફેલોશીપ માટે પ્રમુખ વર્તમાનપત્રો તથા એમ્પ્લોયમેન્ટ ન્યુઝમાં જાહેરાત આપવામાં આવે છે.

3) નેશનલ ફેલોશીપ માટે ઉમેદવારે સંબંધિત વિષયમાં અનુસ્નાતકની પરીક્ષા પાસ કરી હોવી જોઇએ. ઉમેદવારના મેરીટને આધારે યુજીસી દ્વારા પસંદગી કરવામાં આવશે.

4) ઉમેદવારે યુનિવર્સિટીમાં સંબંધિત વિષયમાં એમ.ફીલ./પીએચ.ડી. માટે નોંધણી કરાવવાની રહેશે. જો નોંધણી ન કરાવી હોય તો ફેલોશીપનો એવોર્ડ મંજૂર થયેથી બે વર્ષના સમયગાળામાં નોંધણી કરાવવાની રહેશે. જે તારીખે ઉમેદવાર અભ્યાસક્રમમાં જોડાય તે તારીખથી ફેલોશીપ મળવાપાત્ર થશે.

**બ ફેલોશીપની મુદત-**

પ્રારંભમાં બે વર્ષની મુદત માટે ફેલોશીપ મંજૂર કરવામાં આવશે. મુદત પૂરી થયા પહેલા ફેલોના કાર્યનું ત્રણ સભ્યોની સમિતિ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે. સમિતિમાં વિભાગીય અધ્યક્ષ, ફેલોના સુપરવાઇઝર અને બહારના એક નિષ્ણાત સભ્ય તરીકે રહેશે. ફેલોના કાર્યના મૂલ્યાંકન સમયે યુ.જી.સી. સિવાયની અન્ય એજન્સી પાસેથી સ્કોલરશીપ/ ફેલોશીપ મેળવીને સંશોધન કાર્ય કર્યું હોય તો મૂલ્યાંકન સમયે તે કાર્ય ધ્યાને લેવાનું રહેશે નહિ. જો ફેલોનું કાર્ય સંતોષકારક હશે તો ફેલોની મુદત સિનીયર રિસર્ચ ફેલો તરીકે વધુ ત્રણ વર્ષ માટે લંબાવવામાં આવશે. જો ફેલોનું કાર્ય સંતોષકારક નહિ હોય અથવા ફેલો પીએચ.ડીની પરીક્ષામાં નાપાસ થશે તો ફેલોશીપ બંધ કરવામાં આવશે.

સમિતિને પ્રથમ બે વર્ષનું કાર્ય સંતોષજનક ન જણાય અને સમિતિ મુદત લંબાવવા ઇચ્છે તો જુનિયર રિસર્ચ ફેલો તરીકે વધુ એક વર્ષ મુદત લંબાવી શકશે પરંતુ ફેલોને પીએચ.ડી માટે સિનીયર રિસર્ચ ફેલોશીપ બે વર્ષની મુદત માટે જ મળશે આમ કુલ મુદત મહત્તમ પાંચ વર્ષ રહેશે. જે પૈકી એમ.ફીલ માટે બે અને પીએચ.ડી. માટે ત્રણ વર્ષની મુદત રહેશે.

**ક. ફેલોશીપ તથા અન્ય રકમઃ-**

1) ફેલોશીપ

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| 1. | સાયન્સ, હ્યુમેનિટીઝ અને સોશિઅલ સાયન્સ વિષય માટે | રૂ. 25,000 પ્રતિમાસ બે વર્ષ માટે<br>રૂ. 28,000 પ્રતિમાસ બાકીના સમય માટે |

| | | |
|---|---|---|
| 2. | કન્ટીન્જન્સી-હ્યુમેનિટીઝ અને સોશિઅલ સાયન્સ | રૂ.10,000 વાર્ષિક બે વર્ષ માટે<br>રૂ.20,500 વાર્ષિક બાકીના સમય માટે |
| 3. | કન્ટીન્જન્સી- સાયન્સ, એન્જિનિયરીંગ અને ટેકનોલોજી | રૂ.12,000 વાર્ષિક બે વર્ષ માટે<br>રૂ.25,000 વાર્ષિક બાકીના સમય માટે |
| 4. | એસ્કોર્ટસ/ રીડર માટે મદદ | રૂ.2,000 પ્રતિ માસ, PWD અને પ્રજ્ઞાચક્ષુ ઉમેદવાર માટે |

2) એચ.આર.એ.

a) જો સંબંધિત યુનિવર્સિટી દ્વારા ફેલોને અનુરૂપ સિંગલ સીટેડ હોસ્ટેલ એકોમોડેશન પુરું પાડવામાં આવ્યું હોય તો ફેલોને જમવાના, પાણીના અને વીજળીના ખર્ચ સિવાયની રકમ એચ.આર.એ. તરીકે ચુકવવામાં આવશે.

d) જો હોસ્ટેલની સુવિધા પૂરી પાડવામાં ન આવી હોય અને ફેલોને સિંગલ સીટેડ મકાન રાખી આપવામાં આવ્યું હોય તો ખરેખર ભાડું અથવા ભારત સરકારના ધોરણો અનુસાર મળવાપાત્ર એચ.આર.એ. બેમાંથી જે ઓછું હશે તે ચુકવવામાં આવશે.

e) ફેલોએ નિવાસ માટે પોતાનીરીતે વ્યવસ્થા ગોઠવી હોય તો ભારત સરકારના ધોરણો અનુસાર મળવાપાત્ર એચ.આર.એ.ચુકવવામાં આવશે.

3) ફેલોને મેડિકલ ભથ્થું ચુકવવામાં આવશે નહિ પરંતુ યુનિવર્સિટીમાં અન્ય સેવકો, વિદ્યાર્થીઓ માટે આરોગ્ય કેન્દ્રની જે સુવિધા છે તેનો લાભ લઇ શકશે.

4) રજાઓ

a) જાહેર રજાઓ ઉપરાંત ફેલોને વર્ષ દરમ્યાન 30 રજાઓ મળવાપાત્ર થશે. આ સિવાય કોઇપણ પ્રકારના વેકેશનનો લાભ મળવાપાત્ર થશે નહિ.

b) ફેલોને ભારત સરકારના ધોરણો અનુસાર મેટરનીટી/પેટરનીટી લીવનો લાભ મળી શકશે.

c) ફેલોને ફેલોશીપની મુદત દરમ્યાન શૈક્ષણિક એસાઇન્મેન્ટ સ્વીકારવા અંગે કે સંશોધનના હેતુ માટે પરદેશ જવા માટે વધુમાં વધુ એક વર્ષની મુદત માટે ફેલોશિપ સિવાયની રજાઓ મળી શકશે. જો કે પરદેશ જવા માટે યુજીસી તરફથી કોઇ સહાય ચુકવવામાં આવશે નહિ. તમામ પ્રકારની રજાઓ યુનિવર્સિટી દ્વારા મંજૂર કરવામાં આવશે.

4. **NATIONAL FELLOWSHIP FOR HIGHER EDUCATION OF ST STUDENTS (અગાઉની રાજીવ ગાંધી નેશનલ ફેલોશીપ)**

ભારત સરકારના મિનીસ્ટ્રી ઓફ ટ્રાયબલ એફેર્સની ગ્રાન્ટમાંથી યુજીસી દ્વારા દર વર્ષે લગભગ 750 વિદ્યાર્થીઓને ફેલોશીપ ચુકવવામાં આવે છે. જો વર્ષ દરમ્યાન 750 વિદ્યાર્થીઓ કરતા ઓછા વિદ્યાર્થીઓને ફેલોશીપ મંજૂર કરવામાં આવી હોય તો વધેલી સંખ્યા બીજા વર્ષે કેરી ફોરવર્ડ કરવામાં આવે છે અને જો વધારે સંખ્યામાં અરજીઓ આવે તો (Particularly Vulnerable Tribal Groups –PVGTs) અગાઉનું (Primitive Tribal Group)ના વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે. અન્ય જોગવાઈઓ યોજના-3 મુજબ યથાવત.

5. **NATIONAL FELLOWSHIP FOR OTHER BACKWARD CLASSES (OBC)**

ભારત સરકારના મિનીસ્ટ્રી ઓફ સોશિઅલ જસ્ટીસ એન્ડ એમપાવરમેન્ટની ગ્રાન્ટમાંથી યુજીસી દ્વારા દર વર્ષે 300 વિદ્યાર્થીઓને M.Phil/Ph.D માટે ફેલોશીપ ચુકવવામાં આવે છે. ઉમેદવાર ઓબીસી વર્ગના હોવા જોઇએ અને લાભાર્થી / માતાપિતા અથવા વાલીની બધા સોર્સથી આવક વાર્ષિક રૂ. 6.00 લાખથી વધવી જોઇએ નહિ. અન્ય જોગવાઈઓ યોજના-3 મુજબ યથાવત.

6. **RAJIG GANDHI NATIONAL FELLOWSHIP FOR PERSONS WITH DISABILITIES**

ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સન્સ વીથ ડિસએબિલિટીઝ મિનીસ્ટ્રી ઓફ સોશિઅલ જસ્ટીસ એન્ડ એમપાવરમેન્ટની ગ્રાન્ટમાંથી યુજીસી દ્વારા દર વર્ષે 200 વિદ્યાર્થીઓને M.Phil/Ph.D ફેલોશીપ ચુકવવામાં આવે છે. ફેલોશીપની ફાળવણી રાજ્યવાર કરવામાં આવે છે અને જો કોઇ વર્ષે 200 કરતા ઓછી ફેલોશીપ મંજૂર થઇ હોય તો બાકીની ફેલોશીપ અન્ય રાજ્યોને ફાળવવામાં આવે છે. આ ફેલોશીપ પૈકી 15 ટકા અનુસૂચિત જાતિ માટે અને 7.5 ટકા અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવે છે. ફેલોશીપની રકમ નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| 1. | ફેલોશીપ | રૂ. 16,000 પ્રતિમાસ બે વર્ષ માટે<br>રૂ. 18,000 પ્રતિમાસ બાકીના સમય માટે |
| 2. | કન્ટીન્જન્સી –સોશિઅલ સાયન્સ, હ્યુમેનિટીઝ, કોમર્સ | રૂ.10,000 વાર્ષિક બે વર્ષ માટે<br>રૂ.20,500 વાર્ષિક બાકીના સમય માટે |

| | | |
|---|---|---|
| 3. | કન્ટીન્જન્સી- સાયન્સ, એન્જિનિયરીંગ અને ટેકનો. | રૂ.12,000 વાર્ષિક બે વર્ષ માટે<br>રૂ.25,000 વાર્ષિક બાકીના સમય માટે |
| 4. | એસ્કોર્ટસ/ રીડર માટે મદદ | રૂ.2,000 પ્રતિ માસ, PWD અને પ્રજ્ઞાચક્ષુ ઉમેદવાર માટે |

**7. D.S. Kothari Post Doctoral Fellowship (DSKPDF)**

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ઉચ્ચ ગુણવત્તાવાળા વિજ્ઞાનના અધ્યાપકો મળી રહે તે હેતુથી જેમણે વિજ્ઞાન વિષયમાં પીએચ.ડી પૂર્ણ કર્યું હોય અને વધુ સંશોધન કરવા ઇચ્છતા હોય તેમને આ ફેલોશીપ મળી શકે છે.

1) યોગ્યતાઃ-

વિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી. કર્યું હોય અને જેમની વય 35 વર્ષ કરતા ઓછી હોય તે અરજી કરી શકશે. વયમર્યાદામાં ઓ.બી.સી. ઉમેદવારને ત્રણ વર્ષ, એસસી/ એસટી/મહિલા ઉમેદવારને પાંચ વર્ષ અને વિકલાંગ ઉમેદવારને દશ વર્ષની છૂટ મળી શકશે. જે ઉમેદવારે પીએચ.ડી.નો શોધનિબંધ જમા કરાવી દીધો હશે તે પણ અરજી કરી શકશે પરંતુ તેમને જ્યાં સુધી પીએચ.ડી. એવોર્ડ ન થાય ત્યાં સુધી થોડી ઓછી ફેલોશીપ મળશે.

ફેલોશીપ માટે ઉમેદવાર સમગ્ર વર્ષ દરમ્યાન યુજીસીની વેબસાઇટ ઉપરથી (DSKPDF) ઓનલાઇન અરજી કરી શકશે અને જે ઉમેદવારની અરજી અમાન્ય થાય તે ઉમેદવાર એક વર્ષ પછી પુનઃ ફ્રેશ અરજી કરી શકશે.

અધ્યાપક તરીકે ફરજ બજાવતા અને જેમની વય 35 વર્ષ કરતા ઓછી છે તે અધ્યાપક પણ આ ફેલોશીપ માટે અરજી કરી શકશે.

જે અધ્યાપકના હાથ નીચે ઓછામાં ઓછા ત્રણ વિદ્યાર્થીઓએ પીએચ.ડી. પૂર્ણ કર્યું હોય તેમને સંશોધન પ્રોજેક્ટ માટે મેન્ટર તરીકે રાખી શકાશે.

2) માસિક સ્ટાઇપેન્ડ /ફેલોશીપ

પીડીએફ તરીકે પસંદગી પામેલા ઉમેદવારને નીચે મુજબના દરે ફેલોશીપ મળવાપાત્ર થશે. (તા.1-12-2014 થી અમલમાં આવેલા દર)

| | | |
|---|---|---|
| સામાન્ય દરે ફેલોશીપ | - | પ્રથમ વર્ષે રૂ. 43,400 (પ્રતિ માસ) |
| | | બીજા વર્ષે રૂ. 45,000 (પ્રતિ માસ) |
| | | ત્રીજા વર્ષે રૂ. 46,500 (પ્રતિ માસ) |
| ઉંચા દરે ફેલોશીપ | - | રૂ.46,500/- (પ્રતિ માસ)ત્રણ વર્ષ માટે |
| કન્ટીન્જન્સી | - | રૂ.1,00,000/- વાર્ષિક |

8. **POST GRADUATE SCHOLARSHIP SCHEME FOR SINGLE GIRL CHILD**

કન્યાઓમાં શિક્ષણનું પ્રમાણ વધે, તથા સમાજમાં દીકરો-દીકરી એકસમાન ગણાય, નાના કુટુંબને પ્રત્સાહન મળે તે હેતુથી આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત પોતાના માતા-પિતાનું એકમાત્ર સંતાન હોય તેમને અનુસ્નાતક અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે.

**શરતોઃ-**

1) વિદ્યાર્થિનીએ યુજીસી એક્ટની કલમ 2(એફ) અને 12 (બી) માન્યતાપ્રાપ્ત યુનિવર્સિટી/સંસ્થા/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સમાં અથવા યુજીસી એક્ટની કલમ 3 અંતર્ગત માન્યતાપ્રાપ્ત ડિમ્ડ ટુ બી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલો હોવો જોઇએ તથા યુનિવર્સિટી/ સંસ્થા/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સને ભારત સરકાર/રાજ્ય સરકાર તરફથી અનુદાન મળતું હોવું જોઇએ
2) કન્યા તેના માતા-પિતાનું એકમાત્ર સંતાન હોવું જોઇએ જો તેના માતા-પિતાને જોડિયા બાળકો જન્મ્યા હોય તો કન્યા શિષ્યવૃત્તિ મેળવવાપાત્ર ગણાશે.
3) અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે ત્યારે વિદ્યાર્થિનીની ઉંમર 30 વર્ષ કરતા વધુ ન હોવી જોઇએ.
4) વિદ્યાર્થિનીએ પૂરા સમયના નિયમિત, અનુસ્નાતકના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલો હોવો જોઇએ. વિદ્યાર્થિનીએ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં અરજી કરવાની રહેશે બીજા વર્ષ દરમ્યાન અરજી કરશે તો તે માન્ય ગણાશે નહિ.
5) પસંદગી પામેલ વિદ્યાર્થિનીને માસિક રૂ.3,100 પ્રમાણે દશ માસ માટે બે વર્ષ સુધી શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે.
6) શિષ્યવૃત્તિ મેળવવા માટે વિદ્યાર્થિનીએ યુજીસીની વેબસાઇટ www.ugc.ac.in/sgc ઉપર ઓનલાઇન અરજી કરવાની રહેશે.
7) શિષ્યવૃત્તિ માટે પસંદ થયેલા વિદ્યાર્થિની પાસેથી યુનિવર્સિટી/સંસ્થા શિક્ષણ ફી ન લે તે અપેક્ષિત છે. આ શિષ્યવૃત્તિ મંજૂર થવાને કારણે વિદ્યાર્થિની અન્ય શિષ્યવૃત્તિ મેળવવા ગેરલાયક ઠરતા નથી.

શિષ્યવૃત્તિનું મોનિટરીંગ તથા વિદ્યાર્થિનીની પ્રગતિઃ-

1) વિદ્યાર્થિનીના અભ્યાસને ત્રણ માસ પૂરા થાય એટલે વિદ્યાર્થિનીએ તેના વિભાગીય અધ્યક્ષ મારફતે યુજીસીને Continuation Certificate મોકલવાનું રહેશે.
2) વિદ્યાર્થિનીનો પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ પૂરો થાય એટલે વિભાગીય અધ્યક્ષ દ્વારા તેનું મૂલ્યાંકન કરવાનું રહેશે અને જો સંતોષકારક પ્રગતિ હશે તો જ બીજા વર્ષે શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.
3) અભ્યાસક્રમ પૂરો થયા પછી  વિભાગીય અધ્યક્ષ મારફતે પદવી પ્રમાણપત્ર તથા માર્કશીટની નકલ મોકલવાની રહેશે.
4) જો વિદ્યાર્થિની ગેરશિસ્ત આચરે, વિદ્યાર્થિનીની પ્રગતિ સંતોષકારક નહિ હોય ( અનુસ્નાતક કક્ષાએ પ્રથમ વર્ષે 55 ટકા કરતા ઓછા ગુણ આવે (વિકલાંગ માટે 50 ટકા કરતા ઓછા ગુણ)) અથવા પાછળથી એમ માલુમ પડે કે જે વિદ્યાર્થિનીને શિષ્યવૃત્તિ માટે પસંદ કરવામાં આવ્યા છે તે યોગ્યતા ધરાવતા નથી તો તેવા કિસ્સામાં શિષ્યવૃત્તિ રદ થશે.

**9. SWAMI VIVEKANAND SINGLE GIRL CHILD SCHOLARSHIP FOR RESEARCH IN SOCIAL SCIENCES**

પોતાના માતા-પિતાનું એકમાત્ર કન્યા સંતાન હોય તેવી વિદ્યાર્થિનીને પીએચડી. માટે ફેલોશીપ ચુકવવામાં આવે છે. જોડિયા બહેનો જન્મી હોય કે જોડિયા ભાઇ-બહેન પૈકીની બહેન હોય તો તે પણ આ યોજના હેઠળ ફેલોશીપ મેળવી શકશે. આ યોજના અંતર્ગત સોશિઅલ સાયન્સના વિષયમાં પીએચ.ડી કરવા માટે ફેલોશીપ મંજૂર કરવામાં આવે છે. વિદ્યાર્થિની તેના માતા-પિતાનું એકમાત્ર કન્યા સંતાન છે તે બાબતની રૂ.50/-ના સ્ટેમ્પ પેપર ઉપર એફિડેવિટ કરી તેને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ/ ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રટ/ ગેઝેટેડ ઓફિસર પાસે એટેસ્ટ કરાવીને મોકલાવવાના રહેશે. જનરલ કેટેગરીની વિદ્યાર્થિની માટે વયમર્યાદા 40 વર્ષ, SC/ST/OBC/PWD માટે 45 વર્ષ રહેશે. આ યોજના અંતર્ગત ટ્રાન્સજેન્ડર પણ અરજી કરી શકશે.

આ યોજના અંતર્ગત નીચે મુજબ ફેલોશીપ મળવાપાત્ર છે.

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| 1. | ફેલોશીપ | રૂ. 25,000 પ્રતિમાસ બે વર્ષ માટે |

| | | |
|---|---|---|
| | | રૂ. 28,000 પ્રતિમાસ બાકીના સમય માટે |
| 2. | કન્ટીન્જન્સી | રૂ.10,000 વાર્ષિક બે વર્ષ માટે<br>રૂ.20,500 વાર્ષિક બાકીના સમય માટે |
| 3. | એસ્કોર્ટસ/ રીડર માટે મદદ | રૂ.2,000 પ્રતિ માસ, PWD અને પ્રજ્ઞાચક્ષુ ઉમેદવાર માટે |

અન્ય જોગવાઈઓ યોજના-3 મુજબ યથાવત.

**10. MAULANA AZAD NATIONAL FELLOWSHIP FOR MINORITY STUDENTS**

જેમને ધાર્મિકરીતે લઘુમતીમાં ગણવામાં આવ્યા છે તે મુસ્લીમ, શીખ, પારસી, બુધ્ધિસ્ટ, ખ્રિસ્તી અને જૈન સમુદાયના વિદ્યાર્થીઓને વિજ્ઞાન, હ્યુમેનિટીઝ, સોશીઅલ સાયન્સિઝ અને અન્જિનિયરીંગ, ટેકનોલોજીના વિષયોમાં પૂરા સમયના અને નિયમિત એમ.ફીલ., પીએચ.ડી. અભ્યાસક્રમ કરવા માટે શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે.

**અ. શરતોઃ-**

1) વિદ્યાર્થીએ યુજીસી એક્ટની કલમ 2(એફ) અને 12 (બી) માન્યતાપ્રાપ્ત યુનિવર્સિટી/સંસ્થા/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સમાં અથવા યુજીસી એક્ટની કલમ 3 અંતર્ગત માન્યતાપ્રાપ્ત ડિમ્ડ ટુ બી યુનિર્વર્સિટીમાં પ્રવેશ મેળવેલો હોવો જોઇએ તથા યુનિવર્સિટી/ સંસ્થા/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સને ભારત સરકાર/રાજ્ય સરકાર તરફથી અનુદાન મળતું હોવું જોઇએ
2) ઉમેદવાર નેશનલ કમિશન ફોર માઇનોરિટીઝ એક્ટ, 1992 ની કલમ -2(સી) અંતર્ગત ધાર્મિક લઘુમતીના હોવા જોઇએ તથા અનુસ્નાતક કક્ષાએ 50 ટકા કરતા વધુ ગુણ મેળવીને ઉત્તિર્ણ થયેલા હોવા જોઇએ તથા JRF of UGC NET OR UGC-CSIR NET પાસ કર્યા સિવાય પૂરા સમયના નિયમિત સંશોધનાત્મક અભ્યાસક્રમમાં જોડાયેલા હોવા જોઇએ.
3) ઉમેદવારે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા લઘુમતી જાતિ અંગેનું પ્રમાણપત્ર અરજી સાથે બીડવાનું રહેશે અથવા જો રાજ્ય સરકાર દ્વારા પ્રમાણપત્ર ન આપવામાં આવ્યું હોય તો ઉમેદવારે માન્ય અને એક્શનેબલ એફીડેવિટ કરીને માઇનોરિટી કોમ્યુનિટીના હોવા અંગે સોગંદનામું આપવાનું રહેશે.

4) ઉમેદવાર/તેના પિતા/વાલીની વાર્ષિક આવક તમામ સ્રોતોમાંથી રૂ.2.50 લાખથી ઓછી હોવી જોઇએ.
5) નાન્યતર જાતિના (Transgender) ઉમેદવાર પણ આ હેતુ માટે અરજી કરી શકશે. ભારત સરકારના ધોરણો અનુસાર તેમને આરક્ષણનો લાભ મળશે.
6) કુલ ફેલોશીપ પૈકી 30 ટકા ફેલોશીપ મહિલા ઉમેદવારો માટે આરક્ષિત રહેશે. જો પૂરતી સંખ્યામાં મહિલા ઉમેદવારો પ્રાપ્ત નહી થાય તો પુરુષ વિદ્યાર્થીઓને ફેલોશીપ ચુકવવામાં આવશે.
7) એક વખત આ યોજના અંતર્ગત ઉમેદવારને ફેલોશીપ માટે એલિજિબલ ગણવામાં આવે પછી ભારત સરકાર, રાજ્ય સરકાર કે યુજીસી દ્વારા અન્ય કોઇ યોજના અંતર્ગત ફેલોશીપ માટે માન્ય ગણવામાં આવશે નહિ.
8) એક લઘુમતી કોમની ફેલોશીપની રકમ અન્ય લઘુમતી કોમના ઉમેદવારને તબદિલ થઇ શકશે નહિ.
9) આ યોજના અંતર્ગત એક જ પરિવારના બેથી વધુ બાળકોને ફેલોશીપનો લાભ મળી શકશે નહિ.

બ. ફેલોશીપની મુદત તથા રકમ

1) ફેલોશીપની મુદત

| અભ્યાસક્રમનું નામ | મહત્તમ સમયગાળો | JRF અને SRF માટે મહત્તમ મુદત | |
|---|---|---|---|
| | | JRF | SRF |
| M.Phil. | 2 વર્ષ અથવા શોધનિબંધ જમા કરાવવામાં આવે તે પૈકી જે વહેલું હોય તે | 2 વર્ષ | - |
| M.Phil. + Ph.D. | 5 વર્ષ અથવા પીએચ.ડી. નો શોધનિબંધ જમા કરાવવામાં આવે તે બેમાંથી જે વહેલું હોય તે | 2 વર્ષ | બાકીના 3 વર્ષ |
| Ph.D. | 5 વર્ષ અથવા પીએચ.ડી. નો શોધનિબંધ જમા કરાવવામાં આવે તે બેમાંથી જે વહેલું હોય તે | 2 વર્ષ | બાકીના 3 વર્ષ |

2) ફેલોશીપની રકમ

| | |
|---|---|
| ફેલોશીપ | માસિક રૂ. 25,000/- શરૂઆતના બે વર્ષ માટે (જેઆરએફ)<br>માસિક રૂ.28,000/-બાકીના સમયગાળા માટે (એસઆરએફ) |
| હ્યુમેનિટીઝ, સોશીઅલ સાયન્સ અને કોમર્સ માટે કન્ટીન્જન્સી | વાર્ષિક રૂ. 10,000 પ્રારંભિક બે વર્ષ માટે, વાર્ષિક રૂ.20,500 બાકીના ત્રણ વર્ષ માટે |
| વિજ્ઞાનના વિષય માટે કન્ટીન્જન્સી | વાર્ષિક રૂ. 12,000 પ્રારંભિક બે વર્ષ માટે, વાર્ષિક રૂ.25,000 બાકીના ત્રણ વર્ષ માટે |
| એસ્કોર્ટસ/રીડર આસીસ્ટન્સ | માસિક રૂ.2,000/- અનુસાર, શારીરિક વિકલાંગ/ પ્રજ્ઞાચક્ષુ ઉમેદવાર માટે |

ક. એચ.આર.એ. તથા અન્ય લાભ

1. જો સંબંધિત યુનિવર્સિટી દ્વારા ફેલોને અનુરૂપ સિંગલ સીટેડ હોસ્ટેલ એકોમોડેશન પુરું પાડવામાં આવ્યું હોય તો ફેલોને જમવાના, પાણીના અને વીજળીના ખર્ચ સિવાયની રકમ એચ.આર.એ. તરીકે ચુકવવામાં આવશે.
2. જો હોસ્ટેલની સુવિધા પૂરી પાડવામાં ન આવી હોય અને ફેલોને યુનિવર્સિટીએ સિંગલ સીટેડ મકાન ભાડે અપાવ્યું હોય તો ખરેખર ચુકવવામાં આવેલું ભાડું અથવા ભારત સરકારના ધોરણો અનુસાર એચ.આર.એ. બેમાંથી જે ઓછું હશે તે ચુકવવામાં આવશે.
3. ફેલોએ નિવાસ માટે પોતાની રીતે વ્યવસ્થા ગોઠવી હોય તો ભારત સરકારના ધોરણો અનુસાર મળવાપાત્ર એચ.આર.એ.ચુકવવામાં આવશે.
4. ફેલોને મેડિકલ ભથ્થું ચુકવવામાં આવશે નહિ પરંતુ યુનિવર્સિટીમાં અન્ય સેવકો, વિદ્યાર્થીઓ માટે આરોગ્ય કેન્દ્રની જે સુવિધા છે તેનો લાભ લઇ શકશે.

ડ. રજાઓ

1. જાહેર રજાઓ ઉપરાંત ફેલોને વર્ષ દરમ્યાન 30 રજાઓ મળવાપાત્ર થશે. આ સિવાય કોઇપણ પ્રકારના વેકેશનનો લાભ મળવાપાત્ર થશે નહિ.
2. ફેલોશીપની સમગ્ર મુદત દરમ્યાન, ફેલોને એક વખત ભારત સરકારના નિયમો અનુસાર મેટરનીટી લીવ/પેટરનીટી લીવનો લાભ મળી શકશે.

3. જો ફેલો હંગામી ધોરણે એકેડેમિક એસાઇનમેન્ટ મેળવે અને તેને કારણે રજા ઉપર જવું પડે અથવા સંશોધનના હેતુ માટે પરદેશ જવાનું થાય તો ફેલોશીપ મેળવ્યા સિવાય વધુમાં વધુ એક વર્ષની મુદત માટે એકેડેમિક લીવ મળી શકશે. પરદેશ જવા માટે ફેલોને કોઇ સહાય મળશે નહિ. ફેલોશીપ સિવાયનો સમયગાળો ફેલોની મુદતમાં ગણવામાં આવશે.
4. જો ફેલો ફેલોશીપની મુદત દરમ્યાન અન્ય ફેલોશીપ માટે/ પેઇડ એસાઇન્મેન્ટ માટે કે જાહેર પરીક્ષા માટે અરજી કરવા ઇચ્છતા હોય તો તે માટે યુજીસી પાસેથી એનઓસી લેવાની જરૂર નથી પરંતુ તેમની પસંદગી થાય તો તેમણે ફેલો તરીકે રાજીનામું આપવાનું રહેશે

ઈ. ફેલોશીપ કેન્સલેશન

1. જો કોઇ ઉમેદવારે ખોટા પ્રમાણપત્રો રજૂ કરીને, યુજીસીને છેતરીને ફેલોશીપ મેળવી છે તેવું પાછળથી માલુમ પડે તો ફેલોશીપ રદ થશે અને ઉમેદવારને ફેલોશીપની જે રકમ ચુકવવામાં આવી હોય તે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીઆના વખતોવખતના વ્યાજના દર અનુસાર વ્યાજસહિત પરત લેવામાં આવશે.
2. ફેલોની ગેરશિસ્ત, સંશોધનકાર્યમાં અસંતોષકારક કામગીરી, અથવા અન્ય શિષ્યવૃત્તિ, ફેલોશીપ મેળવતા હોય તો આ ફેલોશીપ રદ થશે.

**11. POST DOCTORAL FELLOWSHIP FOR WOMEN:-**

મહિલાઓ કે જેમણે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે અને બેરોજગાર છે તેમની સંબંધિત વિષયમાં રહેલ નીપૂણતાનો સંશોધનાત્મક કાર્યમાં ઉપયોગ કરવાના હેતુથી આ ફેલોશીપ આપવામાં આવે છે. આ ફેલોશીપ ભારતની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વિજ્ઞાન, એન્જિનિયરીંગ અને ટેકનોલોજી, હ્યુમેનિટીઝ એન્ડ સોશીઅલ સાયન્સીઝ વિષયમાં પોસ્ટ ડૉક્ટરલ સ્ટડીઝ માટે આપવામાં આવે છે.

અ. શરતોઃ-

1) વિદ્યાર્થીએ યુજીસી એક્ટની કલમ 2(એફ) અને 12 (બી) માન્યતાપ્રાપ્ત યુનિવર્સિટી/સંસ્થા/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સમાં અથવા યુજીસી એક્ટની કલમ 3 અંતર્ગત માન્યતાપ્રાપ્ત ડિમ્ડ ટુ બી યુનિર્વર્સિટીમાં પ્રવેશ મેળવેલો હોવો જોઇએ તથા યુનિવર્સિટી/ સંસ્થા/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સને ભારત સરકાર/રાજ્ય સરકાર તરફથી અનુદાન મળતું હોવું જોઇએ

2) ઉમેદવાર બેરોજગાર હોવા જોઇએ.

3) ઉમેદવારે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલી હોવી જોઇએ. (જો ઉમેદવારને પીએચ.ડી.ની પદવી મળવાની બાકી હોય તો પ્રોવિઝનલ સર્ટીફીકેટ જોડવાનું રહેશે.)

4) અરજી મોકલવાની છેલ્લી તારીખે ઉમેદવારની વય 55 વર્ષથી વધુ હોવી જોઇએ નહિ. (એસસી/એસટી/ઓબીસી/વિકલાંગ ઉમેદવારને પાંચ વર્ષની છૂટ)

5) જનરલ કેટેગરીના ઉમેદવારને પીએચ.ડી. ઉપરાંત સ્નાતક કક્ષાએ 55 ટકા અને અનુસ્નાતક કક્ષાએ 60 ટકા ગુણ હોવા જરૂરી.

(એસસી/એસટી/ઓબીસી/વિકલાંગ ઉમેદવારને પાંચ ટકાની છૂટછાટ રહેશે)

6) ઉમેદવાર જે સંસ્થામાં પોસ્ટ ડૉક્ટરલ સંશોધન કરવા ઇચ્છતા હોય તે સંસ્થાનું એનઓસી અપલોડ કરવાનું રહેશે.

7) નાન્યતર (ટ્રાન્સજેન્ડર) ઉમેદવારો પણ આ યોજના અંતર્ગત અરજી કરી શકશે. ભારત સરકારના નિયમ અનુસાર તેમને આરક્ષણ મળશે. આ સિવાય એસસી/એસટી/ઓબીસી/વિકલાંગ ઉમેદવારોને ભારત સરકારના ધોરણો અનુસાર આરક્ષણ આપવામાં આવશે.

બ. ફેલોશીપની રકમઃ-

આ યોજના અંતર્ગત નીચે મુજબ ફેલોશીપ ચુકવવામાં આવશે.

| | |
|---|---|
| ફેલોશીપ | માસિક રૂ.38,800/- પ્રથમ બે વર્ષ માટે<br>માસિક રૂ.46,500/- બે વર્ષ પછી |
| કન્ટીન્જન્સી | વાર્ષિક રૂ.50,000/- પાંચ વર્ષ માટે |
| એસ્કોર્ટસ/રીડર | ઉમેદવાર જો વિકલાંગ હોય તો માસિક રૂ.2,000 |

**12. POST DOCTORAL FELLOWSHIP TO SC/ST CANDIDATES**

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના બેરોજગાર ઉમેદવારો કે જેમણે પીએચ.ડી. નો અભ્યાસક્રમ પૂરો કર્યો છે તેમને એડવાન્સ્ડ સ્ટડીઝની તક મળે તે હેતુથી ભારતની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વિજ્ઞાન, એન્જિનિયરીંગ અને ટેકનોલોજી, હ્યુમેનિટીઝ એન્ડ સોશીઅલ સાયન્સીઝ વિષયમાં પોસ્ટ ડૉક્ટરલ સ્ટડીઝ માટે આપવામાં આવે છે. ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખે પુરુષ ઉમેદવાર માટે 50 વર્ષ અને મહિલા ઉમેદવારની 55 વર્ષની વયમર્યાદા છે. ટ્રાન્સજેન્ડર અને અપંગને ભારત સરકારના ધોરણો અનુસાર આરક્ષણનો લાભ મળશે.

## 13. POST GRADUATE SCHOLARSHIP FOR UNIVERSITY RANK HOLDERS

અનુસ્નાતક અભ્યાસક્રમમાં વધુને વધુ હોંશિયાર વિદ્યાર્થીઓ આવે તથા સ્નાતક કક્ષાએ ઉત્તમ દેખાવ કરતા ગુણવાન વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી આ શિષ્યવૃત્તિ શરૂ કરવામાં આવી છે. આ માટે સ્નાતક કક્ષાએ નીચે જણાવેલા વિષય સાથે અભ્યાસ કર્યો હોય અને તે જ વિષયમાં અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેમને માટે આ શિષ્યવૃત્તિ શરૂ કરવામાં આવી છે. વિષય- 1. લાઇફ સાયન્સિઝ, 2. ફિઝીકલ સાયન્સિઝ, 3. કેમિકલ સાયન્સિઝ, 4. અર્થ સાયન્સિઝ, 5. મેથેમેટિકલ સાયન્સિઝ, 6. સોશિઅલ સાયન્સિઝ, 7. કોમર્સ 8. લેંગ્વેજીસ. આ યોજના અંતર્ગત પ્રોફેશનલ અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

શરતોઃ-

1) યુનિવર્સિટી કક્ષાએ, સ્નાતકની પરીક્ષામાં પ્રથમ અને બીજા ક્રમાંકે આવનાર વિદ્યાર્થી જો અનુસ્નાતક અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવે તો શિષ્યવૃત્તિ મેળવવાપાત્ર થશે. આ માટે વિદ્યાર્થીએ યુનિવર્સિટી રેન્ક અંગેનું મેરીટ સર્ટિફીકેટ તથા અનુસ્નાતકમાં પ્રવેશ મેળવ્યા અંગેના પ્રમાણપત્રો અરજી સાથે બીડવાના રહેશે.
2) સ્કોલરશીપ અનુસ્નાતકના પ્રથમ અભ્યાસક્રમ માટે જ મળશે. વિદ્યાર્થીએ પૂરા સમયના નિયમિત અભ્યાસક્રમમાં જોડાવવાનું રહેશે
3) વિદ્યાર્થી સ્નાતક કક્ષાએ જે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હોય તે યુનિવર્સિટીમાં ઓછામાં ઓછા નીચે મુજબ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠેલા હોવા જોઇએ.

   એફીલીએટિંગ સ્ટેટ/સેન્ટ્રલ યુનિવર્સિટી - 100 પરીક્ષાર્થી

   ડિમ્ડ યુનિવર્સિટી/ પ્રાઇવેટ યુનિવર્સિટી - 25 પરીક્ષાર્થી
4) આ યોજના અંતર્ગત માસિક રૂ.3,000/- અનુસાર દશ માસ માટે બે વર્ષની મુદત માટે સ્કોલરશીપ મળશે.
5) એવોર્ડીએ દર ત્રણ માસ પછી નિયત પત્રકમાં યુજીસીને કન્ટીન્યુએશન સર્ટિફિકેટ આપવાનું રહેશે અને પ્રથમ વર્ષ પુરૂ થાય એટલે નિયત પત્રકમાં પ્રોગ્રેસ રિપોર્ટ મોકલવાનો રહેશે.

**14 P.G. SCHOLARSHIP FOR PROFESSIONAL COURSES FOR SC/ST CANDIDATES.**

આ યોજના અંતર્ગત વધારાના દરે શિષ્યવૃત્તિ મેળવવા માટે વિદ્યાર્થીનો પ્રથમ, દ્વિતીય અને ત્રીજા સેમેસ્ટરમાં પ્રથમ વર્ગ/સમકક્ષ ગ્રેડ/સીજીપીએ હોવો જરૂરી છે. પ્રથમ વર્ગ/સમકક્ષ ગ્રેડ/સીજીપીએ હશે તો માસિક રૂ.5,000 અન્યથા માસિક રૂ.1,000 શિષ્યવૃત્તિ મળશે. અને જો નાપાસ થશે તો શિષ્યવૃત્તિ રદ થશે. આ યોજના અંતર્ગત નિયમ અનુસાર, નક્કી કરેલી મર્યાદામાં ખરેખર કન્ટીન્જન્સી ખર્ચ ચુકવવામાં આવશે. આ યોજના અંતર્ગત જેમની શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી છે તેમણે અઠવાડીઆના 10 કલાક શૈક્ષણિક/ સંશોધન કાર્ય કરવાનું રહેશે જે વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી છે તે વિદ્યાર્થીને જો ભારત સરકાર/ યુજીસી /સીએસઆઇઆર/ ઇન્ડસ્ટ્રી સ્પોન્સર્ડ પ્રોજેક્ટમાં રોકવામાં આવે તો તે પ્રોજેક્ટ ફંડમાં વિદ્યાર્થીની સેવાઓ પેટે માસિક રૂ.1,500/- ચાર્જ કરવાના રહેશે. જો વિદ્યાર્થી તેના અભ્યાસના બીજા વર્ષમાં GATE પરીક્ષા પાસ કરે તો શિષ્યવૃત્તિ બંધ કરવામાં આવશે. આ યોજના અંતર્ગત વધુમાં વધુ 24 મહિના માટે શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

**15. EMERITUS FELLOWSHIP**

1) સંશોધન અને શિક્ષણમાં પ્રવૃત્ત રહેલા, નિવૃત્ત થયેલા તથા જે અધ્યાપકો છ એક માસમાં વયમર્યાદાને કારણે નિવૃત્ત થવાના હોય તે અધ્યાપકો અરજી કરી શકશે.
2) ફેલોશીપની મુદત અધ્યાપકને 70 વર્ષ પૂરાં થાય તે અથવા બે વર્ષ બેમાંથી જે ઓછું હશે ત્યાં સુધી ફેલોશીપ મળી શકશે.
3) માનદેય – રૂ.31,000 (પ્રતિમાસ, વધુમાં વધુ બે વર્ષની મુદત માટે)
4) કન્ટીન્જન્સી ગ્રાન્ટ – વાર્ષિક રૂ. 50,000/-
5) મંજૂર થયેલા સંશોધન પ્રોજેક્ટના સંદર્ભમાં વર્ષમાં એક વખત પરદેશ જઇ શકાશે આ માટે સંબંધિત સંસ્થાની તથા યુજીસીની એનઓસી/મંજૂરી લેવાની રહેશે. પરદેશ જવા માટે સ્વખર્ચે જવાનું રહેશે
6) ફેલોને યુનિવર્સિટીમાં જે તબિબી સારવારની સુવિધા ઉપલબ્ધ છે તે સુવિધાનો લાભ મળશે. હાઉસીંગની સુવિધાનો લાભ મળશે નહિ.
7) ફેલોને મળેલી ગ્રાન્ટ માટે દર વર્ષે ઓડિટ કરાવવાનું રહેશે
8) ફેલોને યુનિવર્સિટીના અધ્યાપકોને મળતી દરેક પ્રકારની રજાઓ મળવાપાત્ર રહેશે.